<u>અસ્વીકરણ</u>:સ્થાનિક ભાષામાં અનુવાદિત આ ચુકાદા/હુકમનો હેતુ પક્ષકારોને તેમની ભાષામાં જાણકારી ઉપલબ્ધ કરાવવા માત્રનો છે અને તેનો અન્યથા ઉપયોગ થઈ શકશે નહિ. અન્ય તમામ વ્યવહારિક તેમજ સરકારી ઉદ્દેશો માટે મૂળ અંગ્રેજી ચુકાદો/હુકમ જ પ્રમાણિત અને માન્ય રહેશે.

<u>DISCLAIMER:</u> The translated judgment in vernacular language is meant for the restricted use of the litigant to understand it in his/ her language and may not be used for any other purpose. For all practical and official purposes, the English version of the judgment shall be authentic and shall hold the field for the purpose of execution and implementation.

==========

<u>અહેવાલપાત્ર</u>

ભારતની સર્વોચ્ચ અદાલતમાં – ફોજદારી અપીલીય ન્યાયાધિકારક્ષેત્ર

<u>ફોજદારી અપીલ નં.૧૪૪૬ / ૨૦૨૧</u>

અને સાથે <u>ફોજદારી અપીલ નં.૧૪૪૭ / ૨૦૨૧</u>

સુનીલ ટોડી અને અન્ય. ..... અપીલકર્તાઓ

વિરુદ્ધ

ગુજરાત રાજ્ય અને અન્ય ..... સામાવાળાઓ

<u>ચુકાદો</u>

<u>ન્યાયમૂર્તિશ્રી – ડૉ. ધનંજય વાય ચંદ્રચુડ</u>

૧. ગુજરાત ઉચ્ચ ન્યાયાલયના ન્યાયાધીશે ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ("સી.આર.પી.સી.")૧૯૭૩ની કલમ ૪૮૨ હેઠળની અરજીઓ

ફગાવી દીધી હતી, જે અપીલકર્તાઓ દ્વારા વટાઉખત અધિનિયમ / નેગોશિએબલ ઇન્સ્ટ્રુમેન્ટ્સ એક્ટ, ૧૮૮૧ ("એન.આઈ. એક્ટ") ની કલમ ૧૩૮ હેઠળ સજાપાત્ર ગુનાઓ માટે સામાવાળા નં ૨ દ્વારા કરેલી ફોજદારી ફરિયાદ (સી.સી. નંબર ૧૨૨૦/૨૦૧૭) ને રદ કરવા માટે દાખલ કરવામાં આવી હતી અને તે ફરિયાદ મા જે.એમ.એફ.સી. મુંદ્રાના ૩–નવેમ્બર, ૨૦૧૭ ના સમન્સના આદેશને પડકારવામાં આવેલ હતો. રૂ. ૨,૬૭,૮૪,૦૦૦/– ની રકમના ચેકના અનાદરને કારણે ફરીયાદ કરવામા આવેલ હતી. હાઈકોર્ટના જે આદેશના કારણેબે અપીલો થયેલી છે તેમાં, અપીલકર્તાઓ અનુક્રમે ચાર ડિરેક્ટરો (એસ.એલ.પી. (ફોજ.) ૬૫૯૦/૨૦૧૯) અને આર.એલ. સ્ટીલ્સ એન્ડ એનર્જી લિમિટેડ ("કંપની") નામની કંપનીના મેનેજિંગ ડિરેક્ટર (એસ.એલ.પી.(ફોજ.) ૬૯૯૫/૨૦૧૯) છે.

૨. જે પૃષ્ઠભૂમિમાં વિવાદ ઊભો થયો છે તેની નોંધ લેવાની જરૂર છે. ૧૯ ડિસેમ્બર, ૨૦૧૫ના રોજ, કંપની દ્વારા મહારાષ્ટ્રના ઔરંગાબાદ સ્થિત કંપનીના પ્લાન્ટમાં અવિરત વીજ પુરવઠો પૂરો પાડવા માટે બીજા પ્રતિવાદીને આશય/ઇરાદા પત્ર જારી કરવામાં આવ્યો હતો. ઇરાદા પત્રની કલમ (કે) માં એવુ ઠરાવવામાં આવેલ છે કે તમામ ચૂકવણી કંપની દ્વારા આપવામાં

આવતા શાખ પત્ર (લેટર ઓફ ક્રેડિટ –"એલ.સી.") દ્વારા ૬૦ (સાંઠ) દિવસની અંદર કરવામાં આવશે. ૨૯ એપ્રિલ ૨૦૧૬ના રોજ, કંપની દ્વારા એક ઇ–મેઇલ મોકલવામાં આવ્યો હતો જેમાં જણાવવામાં આવ્યું હતું કે ચૂકવણીની જામીનગીરી ૪૫ દિવસ માટે નિર્ધારિત ઊર્જાના જથ્થાની સમકક્ષ રકમ રહેશે અને તે રકમ તે રકમની ચુકવણીની ચેક દ્વારા રહેશે. માસિક બિલિંગ માટેની ચૂકવણી બિલ મળ્યાના સાત દિવસની અંદર એલ.સી. દ્વારા કરવાની હતી. તા. ૩૦ એપ્રિલ, ૨૦૧૬ના રોજ સામાવાળા નં ૨ વતી કરવામા આવેલા સંદેશાવ્યવહારમાં આ અંગે સંમતિ વ્યક્ત કરવામાં આવી હતી. તા. ૩૦ જૂન, ૨૦૧૬ ના રોજ, કંપનીએ બીજા પ્રતિવાદીને સંદેશાવ્યવહાર કર્યો હતો કે તે "માત્ર થાપણ જામીનગીરી/સુરક્ષા અનામત માટે" બે ચેક ઇસ્યુ કરી રહી છે અને ચેક "બહાલી મેળવ્યા પછી જ" જમા કરવાના છે. ચેકની વિગતો આ મુજબ હતીઃ

<u>ચેક નં..</u>	**<u>રકમ રુ.</u>**
૦૧૩૨૮૭	**૧,૩૩,૯૨,૦૦૦/–**
૦૧૩૨૮૬	**૨,૬૭,૮૪,૦૦૦/–**

૩. તારીખ પછીનો એક ચેક જે તા. ૨૮ ઓગસ્ટ, ૨૦૧૭ નો હતો અને જે રૂ. ૨,૬૭,૮૪,૦૦૦/– ની રકમનો હતો તે ચેક તેના પાછળના ભાગમાં નીચે મુજબના શેરા સાથે આપવામાં આવેલહતોઃ "જામીનગીરી હેતુ

માટે સંમતી મળ્યા પછી જ જમા કરાવવો". ૧ જુલાઈ ૨૦૧૬ થી વીજ પુરવઠો શરૂ થયો હતો. તા. ૪ જુલાઈ,૨૦૧૬ ના રોજ, કંપનીએ તેના બેન્કર, કરુર વૈશ્ય બેંકને ઉપરોક્ત બે ચેકની ચુકવણી બંધ કરવાની વિનંતી કરતો સંદેશાવ્યવહાર કર્યો હતો. તા.૨૪ જુલાઈ,૨૦૧૬ના રોજ, સામાવાળા નં ૨ અને કંપની વચ્ચે વીજ પુરવઠા કરાર (પાવર સપ્લાઇ એગ્રીમેન્ટ– "પી.એસ.એ.") કરવામાં આવ્યો હતો. આ સમજૂતીમાં એવું ઠરાવવામા આવેલું કે કંપની દરેક કેલેન્ડર મહિનાના દસમા દિવસે શાખપત્ર દ્વારા બીજા પ્રતિવાદીને ચૂકવણી કરવાની રહેશે. કરારની કલમ ૨.૫.૧. આ રીતે નક્કી કરવામાં આવી છેઃ

> "૨.૫.૧. – સભ્ય ગ્રાહકે આ કરારના અમલીકરણની તારીખે અથવા પુરવઠો શરૂ થવાની તારીખના ૩૦ (ત્રીસ) દિવસ પહેલાં ઉત્પાદનકર્તા (જનરેટર)ને સ્વીકાર્ય કોઈપણ ભારતીય બેંકમાંથી કરાર કરેલી ક્ષમતા મુજબ ચૂકવવાપાત્ર ઊર્જા ચાર્જ જેટલી રકમ માટે ઉત્પાદનકર્તાને સ્વીકાર્ય સ્વરૂપ અને સાધનમાં ૪૫ દિવસના વીજ બિલની બેન્ક ગેરેન્ટી/પછીની તારીખનો (પોસ્ટ ડેટેડ) ચેક ઉત્પાદનકર્તાને આપવાનો રહેશે."

૪. વીજ પુરવઠા કરારની સંબંધિત શરતો નીચે મુજબ હતીઃ

(એ) શાખ પત્ર (લેટર ઓફ ક્રેડિટ) – કલમ ૨.૫ હેઠળ, કંપનીએ

'શાખપત્ર' દ્વારા વીજ પુરવઠા માટે ચૂકવણી કરવાની હતી. કલમ ૨.૬ માં એવી રજુઆત કરવામાં આવી છે કે કંપની બીજા પ્રતિવાદીની બેંકની જરૂરિયાતો અનુસાર શાખપત્ર ઈસ્યુ કરશે;

(બી) ચુકવણીની તારીખ અને વિલંબનો દંડ – કલમ ૨.૭ હેઠળ, કંપનીએ દર મહિનાના દસમા દિવસે ચુકવણી કરવી જરૂરી હતી; જેમા કસુર કર્યે (ડિફોલ્ટમાં) વાર્ષિક ૧૫ % (પંદર ટકા) વિલંબિત ચુકવણી ચાર્જ ચૂકવવાપાત્ર થશે;

(સી) ચૂકવણીમાં વિલંબ (ડિફોલ્ટ) – કલમ ૮.૨ એવી જોગવાઈ કરે છે કે વિવાદના કિસ્સામાં પણ પક્ષકારો જવાબદારીઓ દ્વારા બંધાયેલા રહેશે, સિવાય કે કોઈ યોગ્ય કારણ વિના ચૂકવણી નિષ્ફળ ગયેલ હોય; અને

(ડી) સંપૂર્ણ કરાર – કલમ ૧૪ એવી સમજણ પૂરી પાડે છે કે વીજ પુરવઠા કરાર તે સમગ્ર કરારનું પ્રતિનિધિત્વ કરશે, અને અગાઉના કોઈપણ ડ્રાફ્ટ્સ, કરારો અથવા સમજુતીઓને રદ અને નાબૂદ કરશે.

૫. તા. ૧૦ ઓગસ્ટ, ૨૦૧૬, તા. ૧૨ સપ્ટેમ્બર,૨૦૧૬ અને તા. ૨૭ સપ્ટેમ્બર, ૨૦૧૬ ના રોજ કંપનીના કહેવા પર પંજાબ નેશનલ બેંક દ્વારા બીજા સામાવાળાની તરફેણમાં ત્રણ શાખ પત્રો બહાર પાડવામાં આવ્યા હતા.

૬. ફરિયાદ અનુસાર, કંપની દ્વારા પૂરા પાડવામાં આવેલ શાખ પત્રો તેમના બેંકરોની જરુરીયાત પ્રામાણેના નમુના મુજબના (ફોર્મેટ)માં નહોતા. કંપનીને ઇ–મેઇલોની આપ–લેમાં આ સ્થિતિ વિશે જાણ કરવામાં આવી હોવાનું કહેવાય છે, તેમ છતાં આરોપ છે કે તે યોગ્ય સ્વરૂપ/નમુનામાં શાખ પત્રો પુરા પાડવામાં નિષ્ફળ રહી છે.

૭. ૪ ઓગસ્ટ, ૨૦૧૬ના રોજ બીજા પ્રતિવાદીએ ૧ જુલાઈ, ૨૦૧૬થી ૩૧ના સમયગાળા દરમિયાન પૂરી પાડવામાં આવેલી વીજળી માટે રૂ. ૧,૭૭,૫૬,૧૫૭/– નું કામચલાઉ બિલ રજૂ કર્યું હતું. ૨૭ ઓગસ્ટ ૨૦૧૬ના રોજ જુલાઈ ૨૦૧૬ના મહિના દરમિયાન વીજ પુરવઠા માટે રૂ.૧,૬૬,૪૮,૦૨૮/– નું ઈનવોઈસ આપવામાં આવ્યું હતું. ૧ સપ્ટેમ્બર, ૨૦૧૬ના રોજ ઓગસ્ટ ૨૦૧૬ દરમિયાન સપ્લાય કરવામાં આવેલા વીજ પુરવઠા માટે રૂ.૨,૧૭,૨૪,૮૭૫/– ની રકમમાં ઈનવોઈસ રજૂ કરવામાં આવ્યું હતું. ૧ ઓક્ટોબર ૨૦૧૬ના રોજ સપ્ટેમ્બર ૨૦૧૬ દરમિયાન સપ્લાય કરવામાં આવેલા વીજ માટે રૂ.૨,૧૯,૧૮,૧૮૬/– ની રકમમાં ઇનવોઇસ રજૂ કરવામાં આવ્યું હતું.

૮. તા. ૨૦ ઓક્ટોબર, ૨૦૧૬ ના રોજ, કંપનીએ સામાવાળા નં ૨ સાથેના તેના કરારને સમાપ્ત કર્યો. કંપની દ્વારા ઇસ્યુ કરાયેલો ચેક તા.૨૮

ઓગસ્ટ, ૨૦૧૭ ના રોજ જમા કરવામાં આવ્યો હતો. તા. ૧૮ સપ્ટેમ્બર, ૨૦૧૭ ના રોજ, સામાવાળા નં ૨ દ્વારા અપીલકર્તાઓને વટાઉખત અધિનિયમ ની કલમ ૧૩૮ હેઠળ ગુનાઓ કરવાનો આરોપ લગાવતી કાનૂની નોટિસ આપવમાં આવી હતી. નોટિસમાં એવો આક્ષેપ કરવામાં આવ્યો હતો કે સામાવાળા નં ૨ દ્વારા તેના ખાતામાં જાળવવામાં આવેલા ખાતાવહી અનુસાર, ૩.૬,૦૨,૯૧,૦૮૯/– ની રકમ બાકી રહી હતી. નોટિસમાં આરોપ મૂકવામાં આવ્યો હતો કે અપીલકર્તાઓએ તા. ૨૮ ઓગસ્ટ, ૨૦૧૭ ના રોજ ઔરંગાબાદની કરુર વૈશ્ય બેંક પર એક ચેક આપેલો હતો, જે ચેક 'લખનાર (ડ્રોઅર) દ્વારા ચૂકવણી અટકાવવાના' કારણે પરત ફરેલો. તા. ૫ ઓક્ટોબર, ૨૦૧૭ ના રોજ કાનૂની નોટિસનો જવાબ આપવામાં આવ્યો હતો. એવું કહેવામાં આવ્યું હતું કે જે ચેક ઈસ્યુ કરવામાં આવ્યો હતો તે માત્ર જામીનગીરી હેતુ માટે હતો, રોકડમાં ફેરવવા માટે નહીં.

૯. તા. ૨ નવેમ્બર, ૨૦૧૭ ના રોજ, સામાવાળા નં ૨ દ્વારા એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ, મુંદ્રાની અદાલતમાં અપીલકર્તાઓ સામે ફોજદારી ફરિયાદ દાખલ કરવામાં આવી હતી, જેમાં સમન્સ કાઢવામાં આવેલા અને ૩. ૫,૩૫,૬૮,૦૦૦/–નો દંડ લાદવાની માંગણી કરેલી. ફરિયાદના સમર્થનમાં તા. ૦૩ નવેમ્બર,૨૦૧૭ ના રોજ સોગંદનામું દાખલ કરવામાં આવ્યું હતું. તા. ૬ નવેમ્બર ૨૦૧૭ ના રોજ મેજિસ્ટ્રેટે

અપીલકર્તાઓને સમન્સ કાઢેલ હતું. અપીલકર્તાઓએ ફોજદારી ફરિયાદને રદ કરવા માટે સી.આર.પી.સી.ની કલમ ૪૮૨ હેઠળ અરજીઓ દાખલ કરી હતી. તે જ સમયે, ફરિયાદીએ બાકી નીકળતી રકમની વસૂલાત માટે રેગ્યુલર દીવાની દાવો દાખલ કર્યો હતો.

૧૦. તા. ૨૪ જૂન ૨૦૧૯ના વિવાદિત ચુકાદા અને આદેશ દ્વારા, ઉચ્ચ અદાલતે ફરિયાદને રદ કરવાની અરજીઓ ફગાવી દીધી છે. જો કે, તેણે કંપનીના રોજિંદા વ્યવસ્થાપનના પ્રભારી ન હોય તેવા નોમિની ડિરેક્ટર અને મહિલા નોન–એક્ઝિક્યુટિવ ડિરેક્ટર દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીને રદ કરવાની મંજૂરી આપી હતી. અરજીને નકારી કાઢવા માટે હાઈકોર્ટને માર્ગદર્શન આપનારા કારણો નીચે મુજબ છેઃ

(i) ચેક આપવામા આવેલ, વીજળીના ખર્ચની ચુકવણી ન કરવી, શાખ પત્રો જારી કરવા, જેવા મુદ્દાઓ હકીકત /તથ્યોના પ્રશ્નો છે. તેનો નિર્ણય ટ્રાયલ કોર્ટ દ્વારા કરવો પડશે;

(ii) ફરિયાદ સાચી જણાય છે. ઉચ્ચ અદાલત સી.આર.પી.સી. ની કલમ ૪૮૨ હેઠળ તેના અધિકારક્ષેત્રનો ઉપયોગ કરી શકતી નથી સિવાય કે તે સ્થાપિત થાય કે ફોજદારી કાર્યવાહી શરૂ કરવા પાછળ કોઈ ગુપ્ત હેતુ હતો; અને

(iii) આ કેસની જેમ જ, બન્ને, દિવાની અને ફોજદારી કાર્યવાહી, એક સમાન

હકીકતોના સમૂહ પર ચલાવવા યોગ્ય છે.

૧૧. વિદ્વાન વરિષ્ઠ વકીલ શ્રી સિદ્ધાર્થ લુથરા અને સુશ્રી મીનાક્ષી અરોરા – અપીલકર્તાઓ વતી અપીલના સમર્થનમાં હાજર થયા છે. વિદ્વાન વરિષ્ઠ વકીલ શ્રી મોહિત માથુર અને સુશ્રી રેબેકા જહોન,– સામાવાળા નં ૨ વતી હાજર થયા છે. વિદ્વાન વકીલ સુશ્રી આસ્થા મહેતા – ગુજરાત રાજ્ય વતી હાજર રહ્યા હતા.

૧૨. વિદ્વાન વરિષ્ઠ વકીલ શ્રી સિદ્ધાર્થ લુથરાએ અપીલના સમર્થનમાં ત્રણ રજૂઆતો કરવા વિનંતી કરેલ છેઃ

(i) સામાવાળા નં ૨ ને જે ચેક આપવામાં આવેલ હતા તે મહત્વના તમામ સમયે ચુકવણીની જામીનગીરી માટે બનાવાયેલ હતા. તા. ૨૮ ઓગસ્ટ, ૨૦૧૭ ના રોજ ચેકની પાછળની બાજુએ રૂ. ૨,૬૭,૮૪,૦૦૦/–ની રકમના સમર્થનથી આ સ્પષ્ટ થાય છે અને વીજ પુરવઠા કરાર હેઠળની શરત દ્વારા સમર્થન આપવામાં આવ્યું છે કે શાખ પત્ર દ્વારા ચુકવણી થવાની હતી. કંપની દ્વારા સિવિલ જજ, સિનિયર ડિવિઝન ની અદાલાતમા, આર.સી.એસ. ૧૫/૨૦૧૭ થી સામાવાળા નં ૨ સામે દાવો દાખલ કરવામાં આવ્યો છે જેમાં લેખિત નિવેદનમાં એવો બચાવ

કરવામાં આવેલો છે કેઃ

એ. જુલાઈ થી સપ્ટેમ્બર –૨૦૧૬ સુધી વીજળી વપરાશ શુલ્કની ચુકવણીમાં કંપની દ્વારા ચૂક કરવામાં આવી હતી; અને

બી. જો કે કંપનીએ વીજળીના બિલ/ઇન્વૉઇસીસની બાકી રકમને આવરી લેવા માટે શાખ પત્ર જારી કરેલ હતુ, પરંતુ કંપનીના બેંકરો દ્વારા રજૂ કરાયેલા શાખ પત્ર ના મુસદ્દા (ડ્રાફ્ટ)ના સંદર્ભમાં તેને રજૂ કરવાનું ઇરાદાપૂર્વક ટાળ્યું હતું. મદ્રાસ ખાતેની ઉચ્ચ ન્યાયાલય સમક્ષ કંપની સામે સામાવાળા નં ૨ દ્વારા દાખલ કરવામાં આવેલા દિવાની દાવા નં. ૨૩૬/૨૦૧૯ માં દાવાના ફકરા ૮માં એવી રજુઆત કરવામાં આવી છે કે ચેક જામીનગીરી માટે આપવામાં આવેલા હતાઃ

> "૮. પક્ષકારો વચ્ચે થયેલી સંમતિ મુજબ, પ્રતિવાદીએ ત્યારબાદ તેના બે ચેક આપેલા હતા, જેમાં ચેક નં. ૦૧૩૨૮૭ અને ચેક નં.૦૧૩૨૮૬ હતા. જે અનુક્રમે રૂ.૧,૩૩,૯૨,૦૦૦/– (એક કરોડ તેત્રીસ લાખ અને બાણું હજાર પુરા) અને રૂ.૨,૬૭,૮૪,૦૦૦/–(બે કરોડ અને સડસઠ લાખ અને ચોરાસી હજાર પુરા) ના હતા અને આ ચેકો વાદીને જામીનગીરી થાપણ (સિક્યોરિટી ડિપોઝીટ) તરીકે એ શરતે આપવામાં આવ્યા હતા કે

પરવાનગી મેળવ્યા બાદ ચેક જમા કરાવવાના હતા. વાદી જણાવે છે કે તે વાત સ્વીકારવામાં આવેલી, અને વીજ પુરવઠા કરાર માં કલમ ૨.૫.૧ હેઠળ આ શરત વધુ સમાવેશ કરવામાં આવ્યો હતો. સંબંધિત ચેકો અહીં ફરિયાદના દસ્તાવેજ નંબર ૫ (એકસાથે) તરીકે રજૂ દાખલ કરવામાં આવેલ છે. જો કે, પ્રતિવાદીએ ત્યારબાદ તારીખ ૦૪/૦૭/૨૦૧૬ ના પત્ર દ્વારા તેમની બેંકને તેમના ચેકની ચુકવણી બંધ કરવાનો આદેશ આપ્યો હતો. આ સંદેશાવ્યવહાર ફરિયાદના દસ્તાવેજ નંબર ૬ તરીકે દાખલ કરવામાં આવ્યો છે."

પરિણામે, ચેક જામીનગીરીના હેતુ માટે આપવમા આવેલ હોવાથી અને જમા કરાવવાનો ઈરાદો ન હોવાથી, કલમ ૧૩૮ હેઠળ દાખલ કરેલી ફરિયાદ એ પ્રક્રિયાનો દુરુપયોગ છે. તેથી, સી.આર.પી.સી. ની કલમ ૪૮૨ હેઠળ અધિકારક્ષેત્રની વિનંતી કરવુ તે વાજબી છે;

(ii) જ્યારે આરોપી અદાલતના અધિકારક્ષેત્રની બહાર રહેતા હોયતેમા સી.આર.પી.સી.ની કલમ ૨૦૨ પ્રોસેસ કાઢવામા મુલતવી કરવાની પરીકલ્પના કરે છે. અહી (આ કેસમા) કલમ ૨૦૨ની સ્પષ્ટ જોગવાઈઓ હોવા છતાં, મેજિસ્ટ્રેટ દ્વારા કોઈ તપાસ હાથ ધરવામાં આવી ન હતી; અને

(iii) સમન્સ કાઢવાનો આદેશ યોગ્ય વિચારણાનો અભાવ દર્શાવે છે કારણ કે મેજિસ્ટ્રેટ દ્વારા કોઈ કારણ રજૂ કરવામાં આવ્યું નથી.

આ પૃષ્ઠભૂમિમાં, રજૂઆતો દરમિયાન નીચેના ક્રમ પ્રમાણેના ઘટનાઓના પર ભાર મૂકવામાં આવ્યો હતોઃ

૧૦ ઓગસ્ટ ૨૦૧૬ :	**શાખ પત્રની ફાળવણી;**
૩૦ સપ્ટેમ્બર ૨૦૧૬ :	**ફરિયાદીએ વીજ પુરવઠો બંધ કરી દીધો**
૨૦ ઓક્ટોબર ૨૦૧૬:	**કંપની દ્વારા વીજ પુરવઠા કરાર ની સમાપ્તિ;**
૩૦ જૂન ૨૦૧૭:	**ચુકવણી રોકવા માટે બેંકરોને સૂચનાઓ આપવામાં આવી;**
૩૧ ઓગસ્ટ ૨૦૧૭:	**–ચેક રજૂ કર્યો;**
૦૨ નવેમ્બર ૨૦૧૭:	**કલમ ૧૩૮ હેઠળ ફરિયાદ દાખલ કરવામાં આવી;**
૦૩ નવેમ્બર ૨૦૧૭ :	**–ફરિયાદના સમર્થનમાં દાખલ કરાયેલ સોગંદનામું;**
૦૬ નવેમ્બર ૨૦૧૭:	**–સમન્સ ઇસ્યુ કરવામાં આવ્યો.**

૧૩. ઘટનાઓના ઉપરોક્ત ક્રમના આધારે, એવી રજૂઆત કરવામાં આવી છે કે વટાઉખત અધિનિયમની કલમ ૧૩૮ હેઠળ ફરિયાદ દાખલ કરવી એ પ્રક્રિયાનો દુરુપયોગ છે. રજૂઆતોનુ મૂલ્યાંકન કરવામા, અગાઉના ચુકાદાઓ કે જેનો સંદર્ભ આપવામાં આવ્યો છે, તેને ધ્યાનમાં લેવામાં આવશે.

૧૪. વિદ્વાન વરિષ્ઠ વકીલ સુશ્રી મીનાક્ષી અરોરાએ રજૂઆત હતી કે

સી.આર.પી.સી.ની કલમ ૪૮૨ હેઠળ અધિકારક્ષેત્ર લાગુ કરવા માટેનો સ્પષ્ટ કેસ નીચેના કારણોસર સ્થાપિત કરવામાં આવ્યો હતોઃ

(i) જોકે કંપની દ્વારા તા. ૨૦ ઓક્ટોબર ૨૦૧૬ના રોજ કરાર સમાપ્ત કરવામાં આવ્યો હતો, પરંતુ તા. ૩૧ ઓગસ્ટ ૨૦૧૭ના રોજ જ બેંકમા ચેક રજૂ કરવામાં આવ્યા હતા.

(ii) હકીકત એ છે કે ચુકવણીની જામીનગીરી માટે ચેક ઇસ્યુ કરવામાં આવ્યા હતા, તે ચેકોના પાછળના શેરા અને મદ્રાસ હાઈકોર્ટમાં સામાવાળા નં ૨ દ્વારા દાખલ કરવામાં આવેલી દાવના ફકરા ૮ માં સ્વીકૃતીથી સ્પષ્ટ થાય છે.

(iii) વીજ પુરવઠા કરારની શરતો મુજબ, ચુકવણી કરવાની વિચારણા શાખપત્ર દ્વારા કરવામાં આવી હતી, ચેક દ્વારા નહીં;

(iv) તેના બાકી લેણાંની વસૂલાત માટે સામાવાળા નં ૨ દ્વારા દીવાની દાવો દાખલ કરવામાં આવ્યો છે;

(v) એમ.એસ.ઇ.ડી.સી.એલ. એ એક વધારાના ખર્ચ (ચાર્જ)નો દાવો કર્યો છે, જે બીજા પ્રતિવાદીના કસુર (ડિફોલ્ટ) થી ઉદ્ભવેલો છે; અને

(vi) કંપનીના સંચાલન માટે ડિરેક્ટરો પ્રભારી (ઇન–ચાર્જ) અને જવાબદાર છે, તેવા અસ્પષ્ટ નિવેદન સિવાય, ફરીયાદમા પ્રતિનીધીત્વથી / અવેજી જવાબદારીના સિદ્ધાંતને લાગુ કરવા

માટે તેમની કોઈ ચોક્કસ ભૂમિકા દર્શાવવામાં આવી નથી.

૧૫. બીજી તરફ, સામાવાળા નં ૨ વતી હાજર રહેલા વિદ્વાન વરિષ્ઠ વકીલ શ્રી મોહિત માથુર અને સુશ્રી રેબેકા જહોને રજૂઆત છે કેઃ

(i)

ઉચ્ચ અદાલતે વિવાદિત ચુકાદામાં નોંધ્યું છે કે ઓગસ્ટ, સપ્ટેમ્બર અને ઓક્ટોબર ૨૦૧૬ દરમિયાન પૂરી પાડવામાં આવેલી વીજળી માટે કંપનીની જવાબદારી અંગે કોઈ વિવાદ નથી.

(ii)

જોકે વીજ પુરવઠા કરારમા એવી કલ્પના કરવામા આવેલી કે ચુકવણી શાખ પત્ર દ્વારા કરવામાં આવશે, તેમ છતાં તે મુજબ થઈ શક્યું ન હતું કારણ કે શાખ પત્ર બીજા પ્રતિવાદીના બેંકરોને સ્વીકાર્ય હોય તેવા સ્વરૂપમાં ન હતું;

(iii)

જ્યાં પ્રાથમીક રીતે ચેકને જામીનગીરી તરીકે ઇસ્યુ કરવામાં આવ્યા હોય તેવી સ્થિતિમાં પણ વટાઉખત અધિનિયમની કલમ ૧૩૮ લાગુ કરવા પર કાયદો પ્રતિબંધ મૂકતો નથી.

(iv) મેજિસ્ટ્રેટનો સમન્સ હુકમ કાયદાને અનુરૂપ છે. આ ફરિયાદ ૨ નવેમ્બર ૨૦૧૭ના રોજ દાખલ કરવામાં આવી હતી અને તેને ૩ નવેમ્બર ૨૦૧૭ના રોજ સોગંદનામા દ્વારા યોગ્ય રીતે આધારિત કરાયુ હતું. કાર્યવાહીની સંક્ષિપ્ત પ્રકૃતિને ધ્યાનમાં રાખીને, ખાસ કરીને એન.

આઈ. અધિનિયમની કલમ ૧૩૮ હેઠળના કેસમાં સમનિંગ ઓર્ડરમા, વિગતવાર કારણો જણાવવા ની જરૂર નથી; અને

(v) ફરિયાદ નિયામકની ભૂમિકાને સ્પષ્ટ કરે છે, અને આ તબક્કે, પ્રથમ દૃષ્ટિએ *પરોક્ષ જવાબદારીની* કસોટી યોગ્ય રીતે પૂર્ણ થાય છે.

ઉપરોક્ત આમુખમાં એવી રજૂઆત કરવામાં આવી છે કે આ અદાલત ને ઉચ્ચ ન્યાયાલય ના ચુકાદામાં દખલ કરવાનું કોઈ કારણ નથી બનતુ, કારણ કે ઉચ્ચ ન્યાયાલય દ્વારા સીઆરપીસી ની કલમ ૪૮૨ હેઠળની અરજીઓને નકારવા માટે વિગતવાર કારણો આપવામાં આવ્યા છે.

૧૬. ગુજરાત રાજ્યના વિદ્વાન વકીલ સુશ્રી આસ્થા મહેતાએ રજૂઆત કરી છે કે ઉચ્ચ ન્યાયાલય અને આ અદાલત સમક્ષ કાર્યવાહી ની બાકાતતા ના કારણે ૨૦૧૭ થી સુનાવણી આગળ વધી શકી નથી.વિદ્વાન વકીલે વિનંતી કરી હતી કે નામદાર હાઈકોર્ટના આદેશમાં દખલ કરવાનો કોઈ આધાર નથી.

૧૭. અમારી વિચારણા માટે જે મુદ્દાઓ ઉભા થયા છે તે નીચે મુજબ છે:

(i) 'જામીનગીરી' તરીકે રજૂ કરવામા આવેલા ચેકનું અનાદર એન. આઈ. અધિનિયમની કલમ ૧૩૮ની જોગવાઈઓ હેઠળ આવરી લેવામા આવે છે કે કેમ;

(ii) શું મેજિસ્ટ્રેટે, સી. આર. પી. સી.ની કલમ ૨૦૨ ને ધ્યાનમાં રાખીને, સમન્સ કાઢવામાં મુલતવી કરવા જરૂરી હતુ; અને

(iii) અપીલકર્તાઓ સામે *પરોક્ષ જવાબદારીનો* પ્રથમ દૃષ્ટિએ કેસ છે કે કેમ.

૧૮. અપીલકર્તાઓ તરફ થી પ્રથમ રજૂઆત એ છે કે એન. આઈ. અધિનિયમની કલમ ૧૩૮ હેઠળની ફરિયાદ ટકી શકહે નહી કારણ કે રૂ. ૨.૬૭ કરોડનો ચેક જામીનગીરી સ્વરુપ મા આપવામાં આવેલ હતો અને આ તેને કાયદેસર રીતે અમલ કરાવી શકાય તેમ દેવું અથવા જવાબદારી ની સામે નથી. અપીલકર્તાએ ઇન્ડસ એરવેઝ પ્રાઇવેટ લિમિટેડ વિરુદ્ધ મેગ્નમ એવિએશન પ્રાઇવેટ લિમિટેડ [(૨૦૧૪) ૧૨ એસસીસી ૫૩૯] માં આ અદાલતના બે **ન્યાયાધીશોની બેન્ચના ચુકાદા પર આધાર રાખેલો છે.**

આ કેસમા મુદ્દો એ હતો કે શું ખરીદીનામા ના સંદર્ભમાં અગાઉથી ચુકવણી તરીકે ખરીદનાર અપીલકર્તાઓ દ્વારા આપવામાં આવેલા પોસ્ટ–ડેટેડ ચેકને કાયદેસર રીતે અમલ કરાવી શકાય તેવા દેવું અથવા અન્ય જવાબદારીની ચૂકવણી તરીકે ગણી શકાય અને આ ચેકનું અનાદર કલમ ૧૩૮ હેઠળ ગુનો બને છે કે કેમ. અપીલકર્તાઓએ પ્રથમ પ્રતિવાદી સાથે વિમાનના અંગોના

પુરવઠા માટે બે ખરીદીના આદેશો મુક્યા હતા અને તેને અગાઉથી ચુકવણી તરીકે બે પોસ્ટ–ડેટેડ ચેક આપેલા હતા. સપ્લાયરને ખરીદદારો તરફથી ખરીદી રદ કરવા અને બંને ચેક પરત કરવાની વિનંતી કરતો પત્ર મળેલ.સપ્લાયરો દ્વારા આપેલી નોટિસ બાદ, કલમ ૧૩૮ હેઠળ ફરિયાદ દાખલ કરવામાં આવી હતી, જેના પર મેજિસ્ટ્રેટ દ્વારા સંજ્ઞાન લેવામાં આવ્યું હતું અને સમન્સ કાઢવામાં આવ્યા હતા. ઉચ્ચ ન્યાયાલયે સી. આર. પી. સી.ની કલમ ૪૮૨ હેઠળની અરજીને મંજૂરી આપી અને કલમ ૧૩૮ માં "કોઈપણ દેવું અથવા અન્ય જવાબદારીનુ વિસર્જન" અભિવ્યક્તિનો અર્થઘટન કરીને આદેશ જારી કરવાની પ્રક્રિયાને રદ કરી દીધી અને ભાર આપ્યું કે ચેક આપતી વખતે જવાબદારી હોવી જ જોઈએ. ["૧૩૮. ખાતામાં ભંડોળની અપૂર્ણતા વગેરે લિધે ચેકનું અનાદર.– જ્યારે કોઈ પણ દેવું અથવા અન્ય જવાબદારીની સંપૂર્ણ અથવા આંશિક રીતે ચૂકવણી માટે તે ખાતામાંથી અન્ય વ્યક્તિને કોઈ પણ રકમની ચુકવણી માટે બેન્કર સાથે તેના દ્વારા જાળવવામાં આવેલા ખાતા પર વ્યક્તિ દ્વારા આપવામાં આવેલ કોઈપણ ચેક, બેંક દ્વારા તે ખાતાની જમા રકમ ચેકનું સ્વીકૃતી કરવા માટે અપૂરતી છે અથવા તે બેંક સાથે કરવામાં આવેલા કરાર દ્વારા તે ખાતામાંથી ચૂકવવા માટે ગોઠવવામાં આવેલી રકમ કરતાં વધુ હોવાના કારણે પરત કરવામાં આવે છે, તો આવી વ્યક્તિએ ગુનો કર્યો હોવાનું માનવામાં આવશે અને આ અધિનિયમની અન્ય કોઈ જોગવાઈને પૂર્વગ્રહ રાખયા વિના, તેને જેલની સજા

કરવામાં આવશે [જે મુદત બે વર્ષ સુધી લંબાવી શકાય છે], અથવા નાણાકિય દંડ જે ચેકની રકમ કરતા બે ગણિ સુધિ હોઈ સકે, અથવા બન્ને: પરંતુ આ કલમમાં સમાવિષ્ટ કંઈપણ જોગવાઈ લાગુ પડશે નહીં સિવાય કે– (અ) ચેક જે તારીખે જારી કરવામા આવ્યો હોય તે તારીખથી છ મહિનાના સમયગાળાની અંદર અથવા તેની માન્યતાના સમયગાળાની અંદર, જે પણ પહેલાં હોય; (બી) યોગ્ય સમયે ચેકના પ્રાપ્તકર્તા અથવા ધારક, જે કેસ હોય તે મુજબ, ચેક જારિ કરનારને લેખિતમાં નોટિસ આપીને [૩૦ દિવસ ની અન્દર] કહેવાતી રકમની ચુકવણી કરવાની માંગ કરે છે; અને (સી) આવા ચેકને લખનાર, જો નોટિસ પ્રાપ્તિના પંદર દિવસની અંદર, યોગ્ય સમયે પ્રાપ્તકર્તાને અથવા જે સ્થિતી હોય તે મુજબ, ધારકને કહેવાતી રકમની ચુકવણી કરવામાં નિષ્ફળ જાય છે. સ્પષ્ટીકરણ.––આ પરિચ્છેદ ની બાબતે "દેવુ તથા અન્ય જવાબદારી" નો મત્લબ કાયદેસર રીતે અમલ કરાવી શકાય તેવું દેવું અથવા અન્ય જવાબદારી રેહશે.]

અપીલમાં, ન્યાયમૂર્તિ આર. એમ. લોઢાએ બે ન્યાયાધીશોની બેન્ચ માટે લખતા અપીલને મંજૂરી આપી હતી : [એવું માન્ય રાખવામા આવ્યું હતું કે આંધ્ર પ્રદેશ ઉચ્ચ ન્યાયાલયે સ્વસ્તિક કોટર્સ વિરુદ્ધ દીપક બ્રધર્સ, ૧૯૯૭ ક્રી એલ. જે. ૧૯૪૨ (એ. પી.), ગુજરાત હાઈકોર્ટ દ્વારા શંકૂ કોંક્રિટિસ વિરુદ્ધ ગુજરાત રાજ્ય, ૨૦૦૦ કરો એલ. જે. ૧૯૮૮ (ગુજ), મદ્રાસ હાઈકોર્ટ દ્વારા બાલાજી સીફૂડ્સ એક્સપોર્ટ્સ વિરુદ્ધ મેક ઇન્ડસ્ટ્રીઝ, (૧૯૯૯) ૧ સી. ટી.

સી. ૬ (મેડ)

"૯. કલમ ૧૩૮ સાથે જોડાયેલ સમજૂતી કલમ ૧૩૮ના હેતુ માટે "દેવું અથવા અન્ય જવાબદારી" અભિવ્યક્તિનો અર્થ સમજાવે છે.આ અભિવ્યક્તિનો અર્થ કાયદેસર રીતે અમલ કરાવી શકાય તેવું દેવું અથવા અન્ય જવાબદારી છે.જો ચેકને કોઈ દેવું અથવા અન્ય જવાબદારીના નિકાલ અર્થે જારી કરવામાં આવ્યો હોય તો અનાદરિત ચેકને કલમ ૧૩૮ હેઠળ ગુનો માને છે. આ સમજૂતીમા તેવો કોઈ પ્રકારની શંકા નથી કે કલમ ૧૩૮ હેઠળ ગુનો આકર્શવા માટે, ચેક લખવાની તારીખે કાયદેસર રીતે અમલ કરાવી શકાય તેવું દેવું અથવા અન્ય જવાબદારી અસ્તિત્વમાં હોવી જોઈએ. અન્ય શબ્દોમાં કહીએ તો, કલમ ૧૩૮ હેઠળ ગુનો લાવવા માટે હાલની અથવા ભૂતકાળની ન્યાયી જવાબદારીના નિકાલમાં ચેક આપવુ તે અનિવાર્ય છે. જો કોઈ ચેક માલની ખરીદી માટે અગાઉથી ચુકવણી અર્થે આપવામાં આવે અને કોઈ પણ કારણોસર

ખરીદીનો ઓર્ડર તેના તાર્કિક નિષ્કર્ષ પર ન લઈ જવામાં આવે અથવા રદ થવાને કારણે અન્યથા, જે સામગ્રી અથવા માલ જેના માટે ખરીદીનો ઓર્ડર આપવામાં આવ્યો હતો તે પૂરી પાડવામાં ન આવે, તો અમારા માનવામાં આવતા દૃષ્ટિકોણમાં, હાલના દેવું અથવા જવાબદારી માટે ચેકને દોરવામાં આવેલ હોવાનું માની ગણી શકાશે નહીં. અગ્રિમ ચુકવણી સ્વરુપે ચેક દ્વારા કરેલી ચુકવણી સૂચવે છે કે હાલ ચેક લખતી વખતે કોઈ જવાબદારી અસ્તિત્વનામાં નહોતી."

૧૯. દિવાની અને ફોજદારી જવાબદારી વચ્ચેનો તફાવત દોરતા, એવું અવલોકન કરવામાં આવ્યું હતું કે, જો અગ્રિમ ચૂકવણીની શરતનો ભંગ થાય છે, તો તે એન. આઈ. અધિનિયમની કલમ ૧૩૮ હેઠળ ફોજદારી જવાબદારી ગણાશે નહીં કારણ કે ચેક લખતી વખતે કોઈ કાયદેસર રીતે અમલ કરાવી શકાય તેવું દેવું અથવા જવાબદારી હોતી નથી. કોર્ટે એવું માન્ય રાખ્યુ હતું કે જો કરાર કરવામાં આવે તે સમયે ખરીદનારે એડવાન્સ ચૂકવવું પડે અને તે શરતનો ભંગ થયો હોય, તો ખરીદનારે વેચનારને થયેલા નુકસાનની ભરપાઈ કરવાની થઈ શકે છે, પરંતુ આ કલમ ૧૩૮ હેઠળ ફોજદારી જવાબદારી બની

શકે નહીં.

કરારના અમલીકરણ સમયે અગ્રીમ ચુકવણી માટે ચેકની ફાળવણી – ઇન્ડસ એરવેઝમાં અપનાવવામાં આવેલી દ્રષ્ટિએ – અસ્તિત્વમાં રહેલી જવાબદારી તરીકે ગણવામાં આવશે નહીં..

૨૦. ત્યાર પછીના સેમ્પેલી સત્યનારાયણ રાવ વિરુદ્ધ ઇન્ડિયન રિન્યુએબલ એનર્જી ડેવલપમેન્ટ એજન્સી **લિમિટેડ [(૨૦૧૬) ૧૦ એસ. સી. સી. ૭૫૮] ના ચુકાદામમાં** બે ન્યાયાધીશોની ખંડપીઠે ઇન્ડસ એરવેઝના નિર્ણયને ધ્યાનમાં લીધો હતો. સેમ્પેલી માં, અપીલકર્તા વીજ ઉત્પાદન સાથે સંકળાયેલી કંપનીના નિયામક હતા, જ્યારે સામાવાળા નવીનીકરણીય ઊર્જા સાથે સંસળાયેલ સરકારી સાહસ હતા.

સામાવાળા પાવર પ્રોજેક્ટની સ્થાપના માટે લોન આગળ વધારવા માટે સંમત થયા હતા અને કરારમાં એવી કલ્પના કરવામાં આવી હતી કે લોનના હપ્તાની ચુકવણી માટે પોસ્ટ–ડેટેડ ચેક જામીનગીરી પેટે આપવામાં આવશે. ચેકનું અનાદર કરવામાં આવ્યું હોવાથી, કલમ ૧૩૮ હેઠળ ફરિયાદો દાખલ કરવામાં આવી હતી, જથી હાઈકોર્ટ સમક્ષ અરજીઓ દાખલ કરવામાં આવેલી જે અરજીઓ રદ કરવામાં આવેલી. આ અદાલત સમક્ષ જે રજૂઆતની વિનંતી કરવામાં આવી હતી તે એ હતી કે જામીનગીરી સ્વરુપે આપવામા આવેલા પોસ્ટ–ડેટેડ ચેકનું અનાદર વર્તમાનમાં કલમ ૧૩૮ હેઠળ કાયદેસર રીતે અમલ કરાવી શકાય તેવું દેવું અથવા જવાબદારી બનતી નથી. આ અદાલતે

ઇન્ડસ એરવેઝના નિર્ણયને ધ્યાને લીધા બાદ *ચુકાદો આપ્યો* હતો કે જો ચેકની તારીખે, જવાબદારી અથવા દેવું અસ્તિત્વમાં હોય **અથવા રકમ** લાગુ કરવા યોગ્ય બની ગઈ હોય, તો કલમ ૧૩૮ આકર્ષિત થઈ શકશે અને અન્યથા નહીં.

સેમ્પેલી (સુપ્રા) માં ઇન્ડસ એરવેઝના નિર્ણયને આ આધાર પર અલગ પાડવામાં આવ્યો હતો કે, તે કિસ્સામાં, ચેક જવાબદારીની ચૂકવણી માટે નહીં પરંતુ ખરીદીના ઓર્ડર, જે રદ કરવામાં આવ્યો હતો, તેના એડવાન્સ તરીકે આપવામાં આવેલ હતો .

બીજી બાજુ, **સેમ્પેલીમાં,** ચેક લોનના હપ્તાની ચુકવણી માટેનો હતો કે જે બાકી હતો. અદાલતે નોંધ્યું હતું કે હપ્તાની ચુકવણી માટે ચેકની થાપણને લોન કરારમાં જામીનગીરી તરીકે વર્ણવવામાં આવેલ હોવા છતાં, સાચું પરીક્ષણ એ હતું કે શું ચેક હાલના અમલ કરાવી શકાય તેવા દેવું અથવા જવાબદારીના નિકાલ માટે માં કે પછી તે અસ્તિત્વમાં રહેલા દેવું અથવા જવાબદારી વિના અગ્રીમ ચુકવણી માટેનુ હતું.

૨૧. સેમ્પેલીમાં નોંધાયેલી વિશિષ્ટ લાક્ષણિકતાઓ ઉપરાંત, આ અદાલતના ચુકાદામાં અન્ય એક આધાર પણ હતો.અદાલતે એચ. એમ. ટી. વોચેસ વિ. એમ. એ. હબીદા [(૨૦૧૫) ૧૧ એસસીસી ૭૭૬] ના નિર્ણયને સમર્થન આપ્યું હતું કે ચેક જામીનગીરી તરીકે આપવામાં આવ્યા હતા કે કેમ તે આરોપીના બચાવની બાબત છે અને તે કાર્યવાહીની બાબત

છે. ઇન્ડસ એરવેઝના નિર્ણયમાં ટાંકવામાં આવેલા એચ. એમ. ટી. ઘડિયાળોના નિર્ણયનો અર્ક આ પ્રમાણે છેઃ

> "૧૦. ચેક જામીનગીરી તરીકે આપવામાં આવ્યા હતા કે નહીં, અથવા કોઈ બાકી જવાબદારી હતી કે નહીં તે હકીકતનો પ્રશ્ન છે જે પક્ષકારોના પુરાવા રેકોર્ડ કર્યા પછી જ ટ્રાયલ કોર્ટ દ્વારા નક્કી કરી શકાતો હતો.અમારા મતે, ઉચ્ચ ન્યાયાલયે ફોજદારી કાર્યવાહી સંહિતાની કલમ ૪૮૨ હેઠળની અરજીમાં હકીકતના વિવાદિત પ્રશ્નો પર પોતાનો મત વ્યક્ત કરવો જોઇતો નહતો, જે તે નિષ્કર્ષ પર આવી શક્યા કે ગુનો બનતો નથી. પક્ષકારો વચ્ચે સ્વીકારવામાં ન આવેલા મામલાના વાસ્તવિક પાસાઓમાં જઇને ઉચ્ચ ન્યાયાલયે કાયદાકીય રીતે ભૂલ કરી છે.

૨૨. એક વધુ તાજેતરના શ્રીપતિ સિંહ વિરુદ્ધ ઝારખંડ રાજ્ય [એફ. એન. ૧૪: ૨૧ એસ. સી. **સી. ઓનલાઇન એસ. સી. ૧૦૦૨] કેસમાં** બે ન્યાયાધીશોની ખંડપીઠે ચુકાદામાં, મેજિસ્ટ્રેટના સંજ્ઞાન લેતા આદેશનો અને આઈ. પી. સી. ની કલમ ૪૨૦ અને એન. આઈ. એક્ટની કલમ ૧૩૮ હેઠળ ફરિયાદ પર સમન્સ કાઢવાનો આદેશને હાઈકોર્ટ સમક્ષ પડકારવામાં આવ્યો હતો.સામાવાળા નં ૨ અને ફરિયાદી વચ્ચે વ્યવહાર થયો હતો, જેના અનુસાર અપીલકર્તા એ અગ્રીમમાં રકમ આપી હતી. ઘણા ચેક આપવામાં

આવ્યા હતા પરંતુ તે રજૂ કરવામાં આવતા તેમનું અનાદર થયું હતું.ુઉચ્ચ ન્યાયાલયે અરજીઓને મંજૂરી આપી હતી. આ અદાલતમાં એક અરજી દાખલ કરવામાં આવી હતી.આ અદાલત સમક્ષ, અપીલકર્તાએ વિનંતી કરી હતી કે લોનની ચૂકવણી માટે જારી કરાયેલ ચેક અને વસૂલાત માટે રજૂ કરાયેલ ચેકને વ્યવહાર માટે જામીન તરીકે ગણી શકાય નહીં.અપીલમાં, આ અદાલતે નોંધ્યું હતું કે ચાર લોન કરારો હતા જેના હેઠળ સામાવાળા નં ૨ કુલ ૨ કરોડ રૂપિયા ચૂકવવા માટે સંમત થયા હતા અને છ ચેક જામીન તરીકે જારી કરવામાં આવ્યા હતા.ઉચ્ચ ન્યાયાલયે એવું માન્યું હતું કે લોન કરાર હેઠળ ચેક જામીનગીરી દ્વારા આપવામાં આવ્યા હોવાથી, ફરિયાદ જાળવી શકાઇ નહી.બે ન્યાયાધીશોની બેન્ચ વતી બોલતા ન્યાયમૂર્તિ એ. એસ. બોપન્નાએ ઇન્ડસ એરવેઝના અગાઉના નિર્ણય અને સેમ્પેલીના નિર્ણયમાં જોવા મળેલા વિશિષ્ટ લક્ષણો તરફ ધ્યાન દોર્યું હતું.કોર્ટે એવું માન્યું હતું કે જો લોનના વ્યવહારના કિસ્સામાં, ઉધાર લેનાર ચોક્કસ **સમયમર્યાદામાં રકમ** ચૂકવવા માટે સંમત થાય છે અને ચુકવણીને સુરક્ષિત કરવા માટે જામીનગીરી **તરીકે** ચેક આપવામાં આવે છે અને જો લોનની ચૂકવણી કરવામાં આવતી નથી, ત્યારે જામીનગીરી તરીકે અપાયેલા ચેક રજૂ કરવા માટે પરિપક્વ બને છે. કોર્ટે નોંધ્યું:

> "૧૭. નાણાકીય વ્યવહારને અનુસરીને જામીનગીરી તરીકે અપાયેલો ચેકને દરેક સંજોગોમાં નકામો કાગળ

તરીકે ગણી શકાય નહીં.'જામીનગીરી' એ તેના સાચા અર્થમાં સલામત રેહવાની સ્થિતિ છે અને લોન માટે આપવામાં આવેલી જામીનગીરી એ ચુકવણીની પ્રતિજ્ઞા તરીકે આપવામાં આવે છે. તેને જમા કરવામાં આવે છે અથવા એક જવાબદારીની પરિપૂર્ણતાની ખાતરી કરવા માટે વચન આપવામાં આવે છે, કે જેના માટે વ્યવહારના પક્ષો બંધાયેલા છે. જો કોઈ વ્યવહારમાં, લોન આપેલ હોય અને ઉધાર લેનાર ચોક્કસ સમયમર્યાદામાં રકમ ચૂકવવા માટે સંમત થયેલ હોય અને જામીન તરીકે આવી ચુકવણીને સુરક્ષિત કરવા માટે ચેક આપેલ હોય; જો લોનની રકમ નિયત તારીખ પહેલાં અન્ય કોઈ સ્વરૂપમાં ચૂકવવામાં ન આવે અથવા જો પક્ષકારો વચ્ચે રકમની ચુકવણીને મુલતવી રાખવા માટે કોઈ અન્ય સમજણ અથવા કરાર ન હોય, તો જામીન તરીકે અપાયેલો ચેક રજૂ કરવા માટે પરિપક્વ થાય છે અને ચેક લેનાર તે રજૂ કરવા માટે હકદાર થાય છે. જો આવી રજૂઆત પર, તેનું અનાદર કરવામાં આવે, તો કલમ ૧૩૮ અને એન. આઈ. એક્ટની અન્ય જોગવાઈઓ હેઠળ વિચારણા કરાયેલા પરિણામો આવી શકે છે.

વધુમાં, જેમ કોર્ટે સમજાવ્યા મુજબ:

"૧૮. જ્યારે ચેક આપવામા આવે છે અને તેની નિર્ધારિત સમયમર્યાદામા રકમની ચુકવણી માટે 'જામીનગીરી' તરીકે ગણવામાં આવે છે, ત્યારે તે માત્ર એટલું જ સુનિશ્ચિત કરે છે કે 'જામીનગીરી' તરીકે આપેલો ચેક લોન અથવા ચુકવણી માટે પાકતા હપ્તા પહેલાં રજૂ કરી શકાતો નથી વધુમાં, ઉધાર લેનાર પાસે લોનની રકમ અથવા આવી નાણાકીય જવાબદારીને અન્ય કોઈ પણ સ્વરૂપમાં ચૂકવવાનો વિકલ્પ હોઇ શકે અને તે રીતે જો બાકી અને ચૂકવવાપાત્ર લોનની રકમ સંમત સમયગાળાની અંદર ચૂકવવામાં આવી હોય, તે પછી જામીન તરીકે અપાયેલો ચેક રજૂ કરી શકાતો નથી. તેથી, લોનની અગાઉથી ચૂકવણી અથવા બદલાયેલી પરિસ્થિતિ હોવાના કારણે પક્ષો વચ્ચે સમજણ થવાના કારણે, જામીન તરીકે આપેલો ચેક રજૂ ન કરવો માટે એ અનિવાર્ય બને છે. આ માત્ર એવા બચાવ છે જે એન. આઈ. અધિનિયમની કલમ ૧૩૮ હેઠળની કાર્યવાહીમાં ચેક લખનાર માટે ઉપલબ્ધ હોય છે. તેથી, એક સખત અને ઝડપી નિયમ ન હોઈ શકે કે જે ચેક જામિનગિરિ તરીકે આપવામાં આવે છે તે ચેકના લેનાર દ્વારા તે ચેકને ક્યારેય રજૂ કરી શકતા નથી. જો આ પ્રકારની સમજણ હોય તો ચેક પણ ઘટી ને 'ઓન ડિમાન્ડ પ્રોમિસરી નોટ' બને છે અને તમામ સંજોગોમાં, તે રકમની વસૂલાત માટે માત્ર સિવિલ દાવો થઈ શકે છે, જે કાયદાનો હેતુ હોય શકે નહીં.

> જ્યારે ચેક જામીનગીરી તરીકે આપવામાં આવે છે ત્યારે ચેક આપનારને તેમાનથી શુ પરીણાં નિકળશે તેની ખબર હોય છે, અને તેમ છતા, ઉપરોક્ત સંજોગોમાં, તે ચેક રજૂ કરવામાં આવે અને તે અનાદાર થાય , તો ચેક રાખનાર / ઉપાડનાર પાસે વસૂલાત માટે દીવાની કાર્યવાહી અથવા હકીકતની સ્થિતિમાં સજા માટે ફોજદારી કાર્યવાહી શરૂ કરવાનો વિકલ્પ રહે છે, પરંતુ કોઈ પણ સંજોગોમાં, ચેક લખનાર તે નકકી કરાવી શકે નહી કે મુકદ્દમાની પ્રકાર કયો હોવો જોઈએ.

ફરિયાદ, તે એન. આઈ. અધિનિયમની કલમ ૧૩૮ ની જોગવાઈઓને લાગુ કરે છે, ત્યાં સુધી તેને કાયદા અનુસાર આગળ ચલાવવા માટે ન્યાયિક મેજિસ્ટ્રેટને પરત કરવામાં આવી હતી.

૨૩. હાલના કેસમાં, પક્ષકારો વચ્ચેના પી. એસ. એ. માં એવુ ધ્યાને લેવામાં આવી હતી કે સામાવાળા નં ૨ તે કંપની કે જેમાં અપીલકર્તા ડિરેક્ટર અથવા મેનેજિંગ ડિરેક્ટર, યથાપ્રસંગે છે, તેને વિજ પૂરી પાડશે .આ સમજૂતીમાં અનુમાનિત કરાયુ હતું કે પૂરી પાડવામાં આવતી વીજળી માટે ની ચુકવણી એલ. સી. દ્વારા કરવામાં આવશે. એલ. સી. પૂરી પાડવામાં આવી હોવા છતા, તે કથિત રીતે બીજા પ્રતિવાદીના બેંકરોને સ્વીકાર્ય સ્વરૂપમાં ન હતી. અપીલકર્તાઓ એ બાબતે વિવાદ કરતા નથી કે કરારની સમાપ્તિ પહેલા

કંપનીને ત્રણ મહિનાના સમયગાળા માટે વીજળી પૂરી પાડવામાં આવી હતી. બીજા શબ્દોમાં કહીએ તો, વીજળીના પુરવઠાના કરાર અમલ થયેલો હતો અને સામાવાળા નં ૨ દ્વારા વીજળી પૂરી પાડવામાં આવેલી હતી અને કપનીએ તેનો વપરાશ કરેલો હતો.

૨૪. સેમ્પેલી **અને** શ્રીપતિ **સિંહમાં, બાકી** લોનના હપ્તાઓ માટે જામીન તરીકે પોસ્ટ–ડેટેડ ચેક આપવામાં આવેલ હતા. જે તારીખે ચેક લખવામા આવ્યા હતા, તે તારીખે દેવું બાકી હતું. આ કેસમાં ૩૦ જૂન, ૨૦૧૬ ના રોજ ચેક આપવામાં આવેલ હતા. સામાવાળા નં ૨ નાએ બીજા દિવસે એટલે કે ૧ જુલાઈ ૨૦૧૬ થી તરત જ વીજળીનો પુરવઠો શરૂ કરી દીધેલો. આ કેસની હકીકતો ઇન્ડસ એરવેઝના તથ્યોથી વિપરીત છે. ઇન્ડસ એરવેઝ માં, ખરીદી કરાર રદ કરવામાં આવેલ હોવાથી, ચેકને વટાવતા પહેલાં કોઈ બાકી જવાબદારી બાકી ન હતી. ખરીદ ઓર્ડર રદ થવાના પરિણામે પક્ષો વચ્ચે વ્યવહાર થયો ન હતો.

૨૫. એનઆઈ એક્ટની કલમ ૧૩૮ ની સમજૂતી એ પૂરી પાડે છે કે 'દેવું અથવા અન્ય કોઈ જવાબદારી' નો અર્થ કાયદેસર રીતે અમલ કરાવી શકાય તેવું દેવું અથવા અન્ય જવાબદારી છે.કલમ ૧૩૮ ની જોગવાઇમાં જણાવવામાં આવ્યું છે કે ચેક જે તારીખે લખાયેલ જણાય આવતુ હોય તે

તારીખથી છ મહિનાના સમયગાળાની અંદર અથવા તેની માન્યતાના સમયગાળાની અંદર બેંકને રજૂ કરવો આવશ્યક છે. તેથી, ભેટ તરીકે આપવામાં આવેલ ચેક કે જે દેવું અથવા અન્ય જવાબદારીની સંતોષ માટે નથી, તે ભંડોળની અપૂર્ણતા માટે પરત કરવામાં આવે તો જોગવાઈના દંડાત્મક પરિણામોને આકર્ષિત કરી શકે નહીં. અય્યરના ન્યાયિક શબ્દકોશ દેવાને નિચે મુજબ વ્યાખ્યાયિત કરે છેઃ"દેવું એ આર્થિક જવાબદારી છે. પૈસા ની માંગના સંદર્ભમાં કાર્યવાહી દ્વારા ચૂકવવાપાત્ર અથવા વસૂલી કરવા યોગ્ય રકમ.વેબ વિ. સ્ટ્રેન્શાન [૧૮૮૮ ક્યૂબીડી ૫૧૮] માં લિન્ડે એલ. જે. એ ઋણને આ રીતે વ્યાખ્યાયિત કર્યું છે કે:

"... એ રકમ જે હવે ચૂકવવાપાત્ર છે અથવા વર્તમાન જવાબદારીના કારણે ભવિષ્યમાં ચૂકવવાપાત્ર બનશે, ડેબિટમ ઇન પ્રેસેન્ટી, સોલ્વેડમ ઇન ફ્યુચરો. કેશોરમ ઇન્ડસ્ટ્રીઝ વિરુદ્ધ સી. ડબલ્યુ. ટી. [*એ. આઈ. આર. ૧૯૬૬ એસ. સી. ૧૩૭૦*] માં આ અદાલત દ્વારા આ વ્યાખ્યા અપનાવવામાં આવી હતી. **બંચરામ મજૂમદાર વિરુદ્ધ ભટ્ટાચાર્જી** [(૧૯૦૯) આઈ. એલ. આર.૩૬ સી.એ.એલ ૯૩૬] માં કલકત્તા હાઈકોર્ટની પૂર્ણ બેન્ચ માટે લખતા ન્યાયમૂર્તિ મુખર્જીએ **આર્ગ્યુલો [૧૮૬૯ ૩૭ કેલિફ ૫૨૪]** માં કેલિફોર્નિયાની સુપ્રીમ કોર્ટ દ્વારા આપવામાં આવેલી વ્યાખ્યા અપનાવી હતીઃ

> "એકલા ઊભા રહીને, 'દેવું' શબ્દ ભવિષ્ય ના દિવસે વચન આપવામાં આવેલી રકમને લાગુ પડે છે, જે અત્યારે બાકી છે અને ચૂકવવાપાત્ર છે માટે પણ વાપરવાયોગ્ય છે. જો આપણે બન્ને વચ્ચે તફાવત કરવા માંગતા હોઈએ, તો આપણે પહેલાના વિશે કહીએ છીએ કે તે ઉધાર દેવું બાકી છે, અને પછીના ને કહીશુ કે તે ચુકવ્વાપાત્ર દેવું છે. બીજા શબ્દોમાં કહીએ તો, ઋણ બે પ્રકારના હોય છેઃ વર્તમાનમા ચુકવણી અને ભવિષ્યમાં ચુકવણી. *ચોક્કસપણે અને તમામ કિસ્સાઓમાં ચૂકવવાપાત્ર રકમ,* એ ઋણ છે, તે તે હકીકતને ધ્યાનમાં લીધા વિના છે કે તે હમણાં ચૂકવવાપાત્ર છે કે ભવિષ્યના સમયે ચૂકવવાપાત્ર છે . જો કે, આકસ્મિકતા પર ચૂકવવાપાત્ર રકમ તે દેવું નથી અથવા જ્યાં સુધી આકસ્મિકતા ન થાય ત્યાં સુધી તે દેવું બનતું નથી.

આમ, દેવુ શબ્દ ના અર્થમા વર્તમાન જવાબદારીને કારણે ભવિ દિવસે ચૂકવવાનું વચન આપવામાં આવેલી રકમનો પણ સમાવેશ થાય છે. દેવું ઉભા થયા પછી આપવામાં આવેલા પોસ્ટ–ડેટેડ ચેક ને 'દેવું' ની વ્યાખ્યા દ્વારા આવરી લેવામાં આવે છે. જો કે, જો ચૂકવવાપાત્ર રકમ આકસ્મિક ઘટના પર આધાર રાખે હોય તો તે આકસ્મિક ઘટના પછી જ તે દેવું નો રંગ લે છે. તેથી, હાલના કેસમાં, સામાવાળા નં ૨ નાઓએ વીજળીનો પુરવઠો શરૂ કર્યા પછી દેવું ઉભુ થયું હતું, જેના માટે એલ. સી. નો અસ્વીકાર થયા ના

કારણે ચુકવણી કરવામાં આવી ન હતી. નક્કી કરવાનો મુદ્દો એ છે કે શું કલમ ૧૩૮ માત્ર એવી પરિસ્થિતિને આવરી લે છે કે જ્યાં ચેક લખતા વખતે દેવું બાકી હોય અથવા તેમાં ચેકની રોકડી કરતા પહેલાં થયેલા દેવા માટે લખાયેલા ચેક નો પણ આવરી લે છે.

૨૬. એન.આઈ અધિનિયમ નો ઉદ્દેશ ચેકની સ્વીકાર્યતા વધારવાનો અને ધંધાકિય વ્યવહાર માટે વાટાઘાટો કરી શકાય તેવા સાધનોની કાર્યક્ષમતામાં વિશ્વાસ પેદા કરવાનો છે. આ
જોગવાઈનો હેતુ વ્યર્થ જશે જો તેનુ અર્થઘટન એવુ કરવામાં આવે કે જેથી એવા કિસ્સાઓને બાકાત રાખવામાં આવે કે જેમા દેવું ચેક લીધા પછી પરંતુ તેની રોકડી કરતા પહેલાં થાય ઉભી થાય છે. ઇન્ડસ એરવેઝમાં, અગાઉથી ચૂકવણી કરવામાં **આવી હતી** પરંતુ ખરીદી કરાર રદ કરવામાં આવ્યો હોવાથી, દેવું થયા નો કોઈ પ્રસંગ ન હતો. જો 'દેવું અથવા અન્ય જવાબદારી' નું અર્થઘટન માત્ર ચેક લખવાની તારીખે અસ્તિત્વમાં રહેલા દેવાને સમાવવા માટે કરવામાં આવે હોય તો કલમ ૧૩૮ નો સાચો હેતુ પૂરો થશે નહીં. વધુમાં, સંસદે 'દેવું અથવા અન્ય જવાબદારી' અભિવ્યક્તિનો ઉપયોગ કર્યો છે. વિધાનમંડળે બે અલગ અલગ શબ્દસમૂહોનો ઉપયોગ કર્યો હોવાથી "અથવા અન્ય જવાબદારી" અભિવ્યક્તિનો પોતાનો અર્થ હોવો જોઈએ. અભિવ્યક્તિ 'અથવા અન્ય જવાબદારી' માં 'દેવું' કરતાં વધુ

વ્યાપક છે અને તેને દેવુ ની સાથે સરખાવી શકાય નહીં. હાલના કિસ્સામાં, વીજ પુરવઠો શરૂ થયાની નિકટતામાં જ ચેક આપવમાં આવ્યો હતો. વાણિજ્યિક વ્યવહારના સંદર્ભમાં ચેકની ફાળવણીને ધંધાકીય વ્યવહારોના સંદર્ભમાં જ સમજવી જોઈએ. વીજળીનો પુરવઠો ના બરાબર પછી તે ચેકની ફાળવણી થયો હતો. જો એવુ માનવું કે કંપની દ્વારા પૂરી પાડવામાં આવેલી વીજળીની બાકી રકમની ચૂકવણી કરવા માટે ધારવામાં આવતી જવાબદારીના સંદર્ભમાં ચેક આપવામાં આવ્યો ન હતો, તો તેનાથી ધંધાકીય વ્યવહારો સાથે વિરોધાભાસી પરિણામ ઉત્પન્ન થઇ શકે છે. જો કંપની સંતોષકારક એલ. સી. પ્રદાન કરવામાં નિષ્ફળ જાય અને તેમ છતાં વીજળીનો વપરાશ કરે, તો બાકી નીકળતી રકમને પહોંચી વળવા માટે ચેક રજૂ થવા માટે સક્ષમ બને છે.

૨૭. ફરિયાદીના જણાવ્યા અનુસાર, લેટર્સ ઓફ ક્રેડિટ તેમના બેંકરો દ્વારા સંમત થયેલા સ્વરૂપમાં ન હતા. જે ચેક શરૂઆતમાં જામીનગીરી માટે હતા તેઓને વીજ પુરવઠા કરાર હેઠળની રકમ ચૂકવવાપાત્ર થાય તે પહેલાં ન રજૂ કરી શકાયા હોત. વધુમાં, જો કંપની સામેવાળા નં ૨ ના બેંકરોની આશા મુજબ લેટર ઓફ ક્રેડિટની સંમત પદ્ધતિથી વીજ પુરવઠા કરાર હેઠળ બાકી નીકળતી રકમની ચૂકવણી કરવાની તેની જવાબદારી નિભાવી હોત તો ચેક રજૂ કરવાની કોઈ બાબત રહેતી જ ન હોત. બીજા શબ્દોમાં, જ્યારે વીજ પુરવઠા કરાર મુજબ વીજ પુરવઠાની રકમ બાકી નીકળતી હતી અને કંપની

તેની બાકી નીકળતી રકમ ચૂકવવામાં નિષ્ફળ ગઈ, ત્યારે સામાવાળા નં ૨ નાઓને ચુકવણી માટે ચેક રજૂ કરવાનો કાયદાકીય અધિકાર હતો. જ્યારે વીજ પુરવઠો પૂરો પાડવામાં આવ્યો હોય, જેના નાણાં બાકી નીકળતા અને ચૂકવવાપાત્ર થતા હોય, ત્યારે ચેકને માત્ર જામીનગીરી તરીકે દર્શાવી તેનો કાયદેસર રીતે અમલ કરાવી શકાય તેવા દેવુ અથવા જવાબદારીને પહોંચી વળવા માટે રચાયેલ સાધન તરીકેનો ગુણધર્મ મટી જતો નથી. એવો કોઈ જડ નિયમ નથી કે જેના નામે ચેક લખાયેલ છે, તેને જામીનગીરી તરીકે અપાયેલા ચેકને કરારની શરતો મુજબ ચૂકવણી માટે રજૂ કરવાથી અટકાવી શકાય. તે બધુ જ કાયદાકીય રીતે અમલ કરાવી શકાય તેવા દેવુ અથવા જવાબદારી ઊભી થઈ છે કે કેમ તેના પર આધાર રાખે છે.

